# કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરીપોરબંદર

જિલ્લા ઈમરજન્સી ઓપરેશન સેન્ટર, ડિઝાસ્ટર મેનેજમેન્ટ શાખા, પોરબંદર
ટેલી.નં.:- ૦૨૮૬-૨૨૨૦૮૦૦, ફેક્સ નં.:- ૨૨૨૦૮૦૧ Email Id :- add-collector-por@gujarat.gov.in

હુકમ નં.એમ.એ.જી./વશી/૩૦૪/૨૦૨૦ — તા.૦૫/૦૫/૨૦૨૦

વિષય : નોવેલ કોરોના વાયરસ COVID-19 અન્વયે લોકડાઉનના સમયગાળા માટે જિલ્લા બહાર જવા માટેના મુવમેન્ટ પાસ ઇસ્યુ કરવા બાબત.

સંદર્ભ :
(૧) કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા.૧૪/૦૪/૨૦૨૦ ના હુકમ : 40-3/2020-DM-1(A)
(૨) કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા.૧૫/૦૪/૨૦૨૦ ના હુકમ : 40-3/2020-DM-1(A)
(૩) રાજ્ય સરકારશ્રીના ગૃહ વિભાગના તા ૧૪/૦૪/૨૦૨૦ ના જાહેરનામા ક્રમાંક જીજી/૨૩/ ૨૦૨૦/ વિ.૧/ કઅવ/૧૦૨૦૨૦/૪૮૨
(૪) ઉપસચિવ (કા.વ્ય.-૧) ગૃહ વિભાગ, ગાંધીનગરના પત્રનાં વિ-૧/કઅવ/ ૧૦૨૦૨૦/ ૪૮૨ તા.૨૪/૦૪/૨૦૨૦
(૫) આ હુકમ નં.એમ.એ.જી./વશી/૨૩૪/૨૦૨૦ તા.૨૩/૦૪/૨૦૨૦

**-:: હુકમ ::-**

નોવેલ કોરોના વાયરસ COVID-19ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ છે. સંદર્ભે લીધા ક્રમ-૧ના કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા.૧૪/૦૪/૨૦૨૦ના હુકમ:40-3/2020-DM-1(A) હુકમથી તા.૦૩/૦૫/૨૦૨૦ સુધી લોકડાઉન જાહેર કરવામાં આવેલ છે. કોરોના વાયરસ COVID-19 ના ઝડપી સંક્રમણને ધ્યાને લેતાં તકેદારીના ભાગરૂપે વાયરસને ફેલાતો અટકાવવા સારૂ, જિલ્લાની બહાર મેડીકલ સારવાર કે અન્ય કારણોસર Movement Pass ઇસ્યુ કરવામાં આવે છે.

નોવેલ કોરોના વાયરસ COVID-19ના લોકડાઉન દરમ્યાન જિલ્લા બહાર જવા માટેના પાસ માટેની અરજીઓ વધુ પ્રમાણમાં આવતી હોય, રજુ થયેલ અરજીને સ્ક્રુટીની કર્યા બાદ યોગ્યતા ધરાવતા વ્યક્તિઓને પાસ ઇસ્યુ કરવાના થાય છે. આવી અરજીઓનો નિર્ણય આ કચેરીના સંદર્ભે લીધા ક્રમ-૫ના તા.૨૩/૦૪/૨૦૨૦ના હુકમથી શ્રી અર્જુન ચાવડા, Taluka Executive Magistrate & Mamlatdar(City),Porbandar દ્વારા ગુજરાત રાજ્યના અન્ય જિલ્લામાં જવા-આવવા માટેના પાસ ઇસ્યુ કરવામાં આવે છે.

હાલ, અરજીઓની સંખ્યા તથા પરિસ્થિતી ધ્યાને લેતા આ કામગીરી માટે તાલુકા વાઈઝ અલગ-અલગ અધિકારીશ્રીઓને સુપરત કરવી વાજબી જણાતી હોય, નોવેલ કોરોના વાયરસ COVID-19ના લોકડાઉનના સમયગાળા દરમ્યાન કેન્દ્રીય ગૃહ મંત્રાલયના સંદર્ભે લીધા હુકમો અનુસાર પોરબંદર જીલ્લાથી ગુજરાત રાજ્યના અન્ય જિલ્લામાં અવર-જવર માટે સબંધિત તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રીને પોતાના કાર્ય વિસ્તાર માટે પાસ ઇસ્યુ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

(ડી.એન.મોદી)
જિલ્લા મેજીસ્ટ્રેટ
પોરબંદર

જિલ્લા મેજીસ્ટ્રેટ ની કચેરી
પોરબંદર

નકલ સવિનય રવાના જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ :-
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી, પોરબંદર તરફ
- પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદર તરફ

નકલ રવાના જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ : -
- સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ અને પ્રાંત અધિકારીશ્રી, પોરબંદર અને કુતિયાણા
- નાયબ પોલીસ અધિક્ષકશ્રી, (ગ્રામ્ય/શહેર), પોરબંદર
- મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જીલ્લા પંચાયત, પોરબંદર .
- એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ અને મામલતદારશ્રી, પોરબંદર(શહેર/ગ્રામ્ય), રાણાવાવ, કુતિયાણા
- તાલુકા વિકાસ અધિકારીશ્રી, પોરબંદર, રાણાવાવ, કુતિયાણા
- સહાયક માહિતી નિયામકશ્રી, માહિતી ખાતુ, પોરબંદર

d \corona folder\district movment pass order.docx

Scanned with CamScanner